ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય દ્વારા દર વર્ષે રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ નિમિત્તે વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે ત્યારે આ વર્ષે ગુજરાત યુનિવર્સિટી વહીવટી કચેરી ખાતે ૨૦થી ૨૬ નવેમ્બર સુધી સાપ્તાહિક ગ્રંથ પ્રદર્શનની શરૂઆત કરવામાં આવી છે. આ વિશે કા.ગ્રંથપાલ યોગેશ પારેખે કહ્યું કે, રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણીના ભાગરૂપે દુર્લભ ગ્રંથો, હસ્તપ્રતોને પ્રદર્શનમાં મૂકવામાં આવી છે. પ્રદર્શનમાં ૧૫૦૦થી ૩૦૦૦ વર્ષ પહેલાની હસ્તપ્રતો, તાડપત્રો, સામાન્ય કરતા વિવિષ્ટ કદ અને ૨૧ કિલોગ્રામ વજન ધરાવતા ગ્રંથો મૂકવામાં આવ્યા છે. આ ગ્રંથોમાં ચારેય વેદોની માહિતી આવરી લેતા ભગવાનવેદ પુસ્તક, વિશ્વની સાત અજાયબીઓનું મોટા કદનું પુસ્તક એમ વૈવિધ્યસભર પુસ્તકો રાખવામાં આવ્યા છે અને યુવા વિદ્યાર્થીઓ મુલાકાત લઈ રહ્યા છે.

## ગુજરાત યુનિર્વસીટી ગ્રંથાલય ખાતે

# સ્વાતંત્ર્ય સેનાનીઓનાં જીવન અને કવન ઉપર આધારિત ગ્રંથોનું પ્રદર્શન આયોજિત કરાયું

ગુજરાત યુનિર્વસીટી ગ્રંથાલય ખાતે રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહનાં ઉજવણીનાં સાપ્તાહિક ગ્રંથ પ્રદર્શનનાં બીજા દિવસે આજ રોજ વૈશ્વિક અને રાષ્ટ્રીય ક્ષેત્રનાં મહાનુભાવો સ્વાતંત્ર્ય સેનાનીઓનાં જીવન અને કવન ઉપર આધારિત ગ્રંથોનું પ્રદર્શન આયોજિત કરવામાં આવેલ હતું જેમાં મહાત્મા ગાંધી સરદાર વાલ્લભભાઈ પટેલ, ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકર સ્વામી વિવેકાનંદ નેતાજી સુભાષચંદ્ર બોઝ, ઝવેરચંદ મેઘાણી સહીતનાં મહાનુભાવો સ્વાતંત્ર્ય સેનાનીઓનાં જીવન અને કવન ઉપર આધારિત ગ્રંથોનું પ્રદર્શનમાં રાખવામાં આવેલ હતા.

ગુજરાત યુનીવર્સીટી ખાતે વાંચન કરતા યુવા વિધાર્થી વિધાર્થિનીઓએ આ ગ્રંથપ્રદર્શનની મુલાકાત લીધેલ હતી

## સંદેશ

કારતક સુદ એકાદશી (દેવઉઠી અગિયારસ)

**આજે ગુજરાત યુનિવર્સિટીનો 75 મા વર્ષમાં પ્રવેશ**

# આજે GU ખાતે ગૌરવ પુરસ્કાર સેરેમની અને પદ્મશ્રી માલિની અવસ્થિનું પરફોર્મન્સ યોજાશે

**ગુજરાત યુનિ. તેની સ્થાપનાના ૭૪ વર્ષ પૂર્ણ કરી રહી છે ત્યારે કેમ્પસમાં વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવશે**

**સિટી લાઇફ ।** આજે ગુજરાત યુનિવર્સિટી તેની સ્થાપનાના ૭૪ વર્ષ પૂર્ણ કરી ૭૫ વર્ષમા મંગળ પ્રવેશ કરી રહી છે ત્યારે ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવશે. ગુજરાત યુનિવર્સિટીના શ્યામાપ્રસાદ મુખરજી ઓડિટોરિયમ ખાતે ૧૨.૩૦ કાલકથી પારસ પર્વ- સંવાદ અને ગૌરવ પુરસ્કાર સેરેમની યોજાશે. આ સેરેમનીમાં શિક્ષણ, સ્પોર્ટ્સ જેવા ક્ષેત્રમાં નેશનલ અને ઈન્ટરનેશનલ લેવલે ઉમદા કામ કરનાર સિલેક્ટેડ પૂર્વ વિદ્યાર્થીઓને ગૌરવ પુરસ્કાર એનાયત કરવામાં આવશે. આ ઉપરાંત ચીફ ગેસ્ટ તરીકે ખ્યાતનામ લોકગાયિકા અને પદ્મશ્રી મેળવનાર માલિની અવસ્થિ હાજર રહેશે અને ૪૦ મિનિટનું સ્પેશિયલ પરફોર્મન્સ આપશે.

### GU લાઇબ્રેરીમાં વર્ષ દરમિયાન સમાજ જીવનને સ્પર્શતા ૭૫ એક્ઝિબિશન યોજાશે

આજે ગુજરાત યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત થયેલા રેર અને અપ્રાપ્ય ૭૫ ગ્રંથો સાથે ગુજરાત યુનિવર્સિટીના સ્થાપના કાળના સમયના ૭૫થી વધુ રેર ફોટોગ્રાફસનું પ્રદર્શન આયોજિત કરવામાં આવશે અને ગુજરાત યુનિવર્સિટીનાં ૭૫મા વર્ષની ઉજવણીને ધ્યાને લઈ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે સમગ્ર વર્ષ દરમિયાન સમાજજીવનને સ્પર્શતા વિવિધ વિષયોને લઇને ૭૫ ગ્રંથ પ્રદર્શનો આયોજિત કરવામાં આવશે. આ ઉપરાંત આજે સમગ્ર વર્ષ દરમિયાન સાતત્યપૂર્ણ વાંચન કરતા શ્રેષ્ઠ ૭૫ વિદ્યાર્થીઓને, ગ્રંથાલય ખાતેથી વાંચન કરીને રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર તેમજ ખાનગી ક્ષેત્રે પણ પસંદગી પામ્યા હોય એવા ૭૫થી વધુ ગ્રંથાલયના પૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન એમ વિવિધ કાર્યક્રમોનું આયોજન ૭૫મા વર્ષની ઉજવણીના ભાગરૂપે સમગ્ર વર્ષ દરમિયાન ગ્રંથાલય ખાતે કરવામાં આવશે.



ગુજરાત યુનિવર્સિટીના ૭૫મા સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે એક દિવસ પહેલા ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ રોશનીથી ઝળહળ્યું

### ૧૯૨૫નું 'ધ રિલિજિયસ લાઇફઓફ ઇન્ડિયા' પુસ્તક પ્રદર્શનમાં મુકાયું

રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણીના ત્રીજા દિવસે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયના સ્થાપનાકાળથી ૧૯૫૧થી આજદિન સુધી ગ્રંથાલયમાં સંગ્રહવામાં આવેલ વિવિધ ગ્રંથ સંગ્રહમાંથી એક પણ વાર નહી વંચાયેલા તેમજ જવેલ્લેજ વંચાયેલાં પુસ્તકોનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. આ પ્રકારના ગ્રંથ પ્રદર્શનનો મૂળ આશય વિદ્યાર્થીઓ સુધી કે સંબંધિત તમામ સમુદાય સુધી મોબાઇલ કે ઇ-લર્નિંગ સાથે મૂળભૂત પુસ્તકોના વાંચન પ્રત્યે લોકોને વાળવાનો છે. જેમાં એક પણ વખત ના વંચાયેલ હોય તેવા ૧૯૭૬નું શિક્ષાપત્રી : શ્રી સહજાનંદ સ્વામી, ૧૯૫૯નું The Bhagvat Gitathaprakasika (Persin Translation ),૧૯૪૧નું સૂક્તિ સમગ્રહ, ૧૯૬૯નું વ્યાસ સુભાષિત સંગ્રહ (હિન્દી ભાષા ), ૧૯૨૫નું ધી રિલિજિયસ લાઈફ ઓફ ઇન્ડિયા (અંગ્રેજી ભાષા), ૧૯૬૧નું પુરાતત્ત્વ વિદ્યા, ૧૯૬૬નું ભારત કા વ્યાપાર (હિન્દી ભાષા), ૧૯૬૦નું ડિસ્કશન ઓન ચાઇલ્ડ ડેવલોપમેન્ટનું પ્રદર્શન યોજાયું

# Media Clippings

**સંદેશ**
કારતક સુદ બારસ

પારસ પર્વ સંવાદમાં લોકગીત ગાયક પદ્મશ્રી માલિની અવસ્થીએ કહ્યું.

## મેં જ્યારે લોકગીતોને મંચ પર લાવવાનો પ્રયત્ન કર્યો ત્યારે સમાજ તેના માટે તૈયાર નહોતો

**ગુજરાત યુનિવર્સિટીના પ્રાંગણમાં શ્યામાપ્રસાદ મુખરજી હોલ ખાતે ૭૫મો પારસ પર્વ સંવાદ તથા ગૌરવ પુરસ્કાર એવોર્ડની ઉજવણી કરવામાં આવી**




**સિટી લાઇફ ।** ગુજરાત યુનિવર્સિટી ૭૫માં વર્ષમાં પ્રારંભ કરી રહી છે ત્યારે ગુજરાત યુનિવર્સિટીના પ્રાંગણમાં શ્યામાપ્રસાદ મુખરજી હોલ ખાતે ૭૫મો પારસ પર્વ સંવાદ તથા ગૌરવ પુરસ્કાર એવોર્ડની ઉજવણી કરવામાં આવી. આ પર્વમાં લોકગીત ગાયક પદ્મશ્રી માલિની અવસ્થી હાજર રહ્યા હતા. આ ઉપરાંત ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. નિરજા અરુણ ગુપ્તા, ગુજરાત યુનિવર્સિટીના ગીતની રચના કરનાર તુષાર શુક્લા, કુલ સચિવ પી.એમ.પટેલ, દૂરદર્શન અમદાવાદના ડેપ્યુટી ડાયરેક્ટર ઉત્સવ પરમાર હાજર રહ્યા હતા. પારસ પર્વ સંવાદ દરમિયાન પદ્મશ્રી માલિની અવસ્થીએ ગાયન શૈલી અને સમાજ જીવનમાં લોક સંગીત કઈ રીતે મહત્ત્વપૂર્ણ છે તેના દૃષ્ટાંત આપીને સમજ આપી હતી. આ અંગે વાત કરતા તેઓએ કહ્યું કે, મેં જ્યારે ગાવાની શરૂઆત કરી ત્યારે મંચ પર સંગીત ગાયન કરવું એટલે કાંતો શાસ્ત્રીય સંગીત અને બીજું ફિલ્મના ગીતો. પરંતુ હું જે ભારતને જોતી હતી હું તેને લોકો સમક્ષ મૂકવા માંગતી હતી. કેવી રીતે એક ગાયક ગીતો દ્વારા સામાજિકમંત્ર કહી શકે તે વિચાર સાથે અને ભારતીય સ્ત્રીની ગરીમા અને આંતરિક શક્તિ ગીતોના માધ્યમથી મંચ પર લાવવાનો પ્રયાસ કર્યો. આ કંઈક નવું હતું અને નવું હોય એટલે ટીકા અને વિવાદ થાય જ છે. જે સમયે મેં લોકગીતોનો મંચ પર લાવવાવો પ્રયત્ન કર્યો ત્યારે સમાજ આના માટે તૈયાર નહાતા. મેં મારુ મંચ, શ્રોતાઓ જાતે બનાવ્યા છે.

### પાંચ વિદ્યાર્થીઓને ગૌરવ પુરસ્કાર આપીને સન્માનિત કરાયા



આ વર્ષે ગુજરાત યુનિવર્સિટી દ્વારા રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં ખ્યાતિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓવે ગૌરવ પુરસ્કાર એનાયત કરાયા હતા જેમાં, 1. ઇલાવેનિલ વલારિવન -અર્જુન એવોર્ડ પ્રાપ્ત કરનાર (રમત-શૂટિંગ) 2. અંકિત પટેલ (રમત- સોફ્ટ ટેનિસ) 3. હિમાંશી રાઠી -પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થી (રમત-ચેસ) 4. શાલિન પાટડિયા-નેશનલ સર્વિસ સ્કીમ 5. સોનલ પટેલ- નેશનલ સર્વિસ સ્કીમ

## GUના ૭૫મા સ્થાપના દિવસે દુર્લભ ગ્રંથો અને ફોટોનું પ્રદર્શન



ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. આ સપ્તાહના ત્રીજા દિવસે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયના સ્થાપના ૧૯૫૧થી આજ સુધીના દુલર્ભ પુસ્તકો અને ફોટોગ્રાફનું પ્રદર્શન યોજાયું છે. કા.ગ્રંથપાલ ડૉ. યોગેશ પારેખે કહ્યું કે, દુર્લભ પુસ્તકોમાં વનસ્પતિ એ ધર્મવિદ્યા, સ્પેસ સાયન્સ એન્ડ અર્થ એન્વાયરમેન્ટ, ફારસી ભાષાનો શબ્દ કોષ, આજના અદભૂત ઔષધ, ઔષધી અભિજ્ઞાન જેવા પુસ્તકો જોવા મળે છે. આ સાથે પ્રદર્શનમાં એવા ફોટોગ્રાફનું પણ પ્રદર્શન રાખવામાં આવ્યું હતું આ ઉપરાંત ગુજરાત યુનિવર્સિટીના ૭૫મા વર્ષની ઉજવણી નિમિત્તે ગ્રંથાલય ખાતે સમગ્ર વર્ષ દરમિયાન સમાજજીવનના વિવિધ વિષયોને આવરી લેતા ૭૫ વિષયોને લગતા ગ્રંથ પ્રદર્શનોનું આયોજન કરવામાં આવ્યું છે.

દિવ્ય ભાસ્કર — અમદાવાદ-સિટીભાસ્કર 26-11-2023

## GUના 75મા સ્થાપના દિવસની ઉજવણી અંતર્ગત રંગોળી તૈયાર કરાઈ



**અમદાવાદ :** ગુજરાત યુનિવર્સિટીના સ્થાપના દિવસના 75મા પારસ પર્વની ઉજવણી નિમિત્તે ગ્રંથાલય ખાતે યુનિવર્સિટી ટાવરની પ્રતિકૃતિ દર્શાવતી રંગોળી તૈયાર કરાઈ હતી. જે રંગોળી ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલય ખાતે વાંચન માટે આવતા વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવી છે. ઉપરાંત આગામી 75 દિવસ સમાજજીવનના વિવિધ વિષયોને સ્પર્શતા વૈવિધ્યસભર પુસ્તકોનું પ્રદર્શન પણ યોજવામાં આવશે. સતત 75 દિવસ સુધી સમાજજીવનના વિવિધ વિષયોને લગતા પુસ્તકોના પ્રદર્શન થકી વિશ્વ રેકોર્ડ સર્જવાનો પ્રયાસ કરાશે.

# Media Clippings



સંદેશ
કારતક સુદ ચૌદશ

## જીયુ લાઇબ્રેરી ખાતે ભારતના બંધારણની રેપ્લિકા ડિસ્પ્લેમાં મુકાઇ

**ગુજરાત યુનિવર્સિટીના પારસ પર્વની ઉજવણી નિમિત્તે ૭૫ વૈવિધ્યસભર વિષયોના ગ્રંથપ્રદર્શન સુધી ૭૫ દિવસ સુધી કાર્યરત રહેશે**

**સિટી લાઇફ ।** રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી અને બંધારણ દિવસ નિમિત્તે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે ભારતના બંધારણનાં પ્રતિકૃતિની રેપ્લિકા કે જે તે સમયે પ્રકાશિત થયેલ હતી અને ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય પાસે ૩ પ્રત ઉપલબ્ધ છે એ પૈકી ૧ પ્રત ગ્રંથ પ્રદર્શનમાં રાખવામાં આવી હતી. રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની સાથે સાથે ગુજરાત યુનિવર્સિટીના પારસ પર્વની ઉજવણી નિમિત્તે ૭૫ વૈવિધ્યસભર વિષયોના ગ્રંથ પ્રદર્શન સુધી ૭૫ દિવસ સુધી કાર્યરત રહેશે. ગુજરાત યુનિવર્સિટીના લાઈબ્રેરિયન ડૉ.યોગેશ પારેખે કહ્યું કે, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે શ્રેષ્ઠ વાંચન કરતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ તેમજ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય વાંચન કરીને ગુજરાત સરકાર કેન્દ્ર સરકાર અને ખાનગી સંસ્થા પસંદગી પામેલ વિવિધ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ભૂતપૂર્વ સભાસદોનું સન્માન પણ આ પારસ પર્વની ઉજવણીના ભાગરૂપે કરવામાં આવશે. સળંગ ૭૫ દિવસ સમાજજીવનનાં વિવિધ વિષયોને સ્પર્શતા ગ્રંથ પ્રદર્શનોને વિશ્વ રેકોર્ડ તરીકે નોંધવા અંગે પણ પ્રયાસ કરવામાં આવશે

### ૪ કલાકની મહેનતે લાઇબ્રેરી સ્ટાફએ યુનિવર્સિટીના ટાવરની રંગોળી બનાવી

ગુજરાત યુનિવર્સિટીના સ્થાપના દિવસ ૭૫મા વર્ષ પારસ પર્વની ઉજવણી નિમિત્તે સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન પૈકી ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે ગુજરાત યુનિવર્સિટીના ઐતિહાસિક ટાવરની પ્રતિકૃતિ દર્શાવતી રંગોળી ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયના સ્ટાફ તેમજ વાંચન કરતી વિદ્યાર્થીઓ દ્વારા કરવામા આવેલ હતી.



દિવ્ય ભાસ્કર
અમદાવાદ 28-11-2023

ભાસ્કર વિશેષ | દેશભરની વિવિધ યુનિવર્સિટીઓએ અત્યાર સુધીમાં 4.95 લાખ થિસિસ આવ્યા

## શોધગંગા પ્રોજેક્ટ માટે ગુજરાત યુનિવર્સિટીએ રાજ્યમાં સૌથી વધુ 4433 થિસિસ અપલોડ કર્યા

પ્રતીક ભટ્ટ | અમદાવાદ

ગુજરાત યુનિવર્સિટી કેન્દ્ર સરકારના શોધગંગા પ્રોજેક્ટ અન્વયે 443 પીએચડી થિસિસ અપલોડ કરવાની સાથે રાજ્યમાં પ્રથમ ક્રમાંક પર આવી છે. યુજીસી ઇન્ફ્લિબનેટ દ્વારા ભારત સરકારના શિક્ષણ મંત્રાલયનાં માર્ગદર્શનમાં શોધગંગા પ્રોજેક્ટ અમલમાં મુકાયો છે, જેનો મુખ્ય આશય ભારતની તમામ યુનિવર્સિટીઓના પીએચડી શોધ નિબંધો ઓનલાઈન ઉપલબ્ધ થવાની સાથે સંશોધનનાં વિકાસને વેગ મળે, શોધકાર્યમાં પુનરાવર્તન અટકાવવાની સાથે સાથે શોધકાર્યમાં ગુણવત્તા સતત વધારો થઈ રહ્યો છે. દેશની તમામ યુનિવર્સિટીઓ ઇન્ફ્લિબનેટના માર્ગદર્શનમાં શોધકાર્ય નિયત કરેલ જોગવાઈઓને આધીન અપલોડ કરી શકે છે.

ગંગાના કોઓર્ડિનેટર ડો. યોગેશ પારેખે જણાવ્યું કે, આજ દિન સુધી શોધ ગંગામાં ભારતની વિવિધ યુનિવર્સિટી સહિતની શિક્ષણ સંસ્થાઓના 4,95,028 થિસિસ અપલોડ થયેલા છે, જેમાં 739 સંસ્થા પોતાના થિસિસ સતત અપલોડ કરતી રહે છે. આશરે 840 સંસ્થાએ આ અંગે એમઓયુ કર્યા છે. સૌથી વધુ થિસિસ અપલોડ કરી ગુજરાત યુનિવર્સિટીએ તેની કાર્યક્ષમતા અને ગતિશીલતા દર્શાવી છે.

### IIT ગાંધીનગરે 3939 થિસિસ રજૂ કર્યા

| | |
|---|---|
| ગુજરાત યુનિવર્સિટી | 4433 |
| એમ. એસ. યુનિવર્સિટી | 4030 |
| સરદાર પટેલ યુનિવર્સિટી | 3271 |
| સૌરાષ્ટ્ર યુનિવર્સિટી | 3250 |
| વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી | 3305 |
| હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી | 549 |
| ભાવનગર યુનિવર્સિટી | 1456 |
| ગુજરાત વિદ્યાપીઠ | 602 |
| આઈઆઈએમ અમદાવાદ | 15 |
| આઈઆઈટી, ગાંધીનગર | 3939 |
| જીએલએસ યુનિવર્સિટી | 109 |

# Media Clippings

દિવ્ય ભાસ્કર અમદાવાદ-સિટીભાસ્કર 29-11-2023

## GUના ગ્રંથાલયમાં 75 દિવસ પુસ્તક પ્રદર્શન કરી વર્લ્ડ રેકોર્ડ સર્જાશે



**અમદાવાદ :** ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલયમાં આત્મનિર્ભર ભારતની થીમ સાથે ન્યુ એજ્યુકેશન પોલિસી 2020 સંદર્ભ, સ્ટાર્ટઅપ સ્કિલ ઈન્ડિયા, ભારત શોધ પદ્ધતિ, વોકલ ફોર લોકલ વિષયને આવરી લેતા વિવિધ પુસ્તકોનું પ્રદર્શન યોજાયું હતું. ગુજરાત યુનિવર્સિટીના પારસ પર્વ 75 વર્ષની ઉજવણીના ભાગરૂપે ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલય ખાતે 75 દિવસ સતત વિવિધ પુસ્તકોનું પ્રદર્શન યોજાશે. ગ્રંથાલય દ્વારા સતત 75 દિવસ વિવિધ પુસ્તકોના પ્રદર્શન થકી વર્લ્ડ રેકોર્ડ સર્જવાનો પ્રયાસ પણ કરાશે. આ ઓપન ફોર ઓલ પ્રદર્શનમાં યુનિવર્સિટી ઉપરાંત તમામ યુવાનો પણ જોડાઈ રહ્યાં છે.

30/11/23

સંદે[...]

કારતક વદ ત્રી[...]

## GU લાઇબ્રેરીમાં સાહિત્ય ઉપરના ગ્રંથોનુ પ્રદર્શન યોજવામાં આવ્યું



**સિટી લાઇફ ।** ગુજરાત યુનિવર્સિટીના પારસ પર્વની ઉજવણી નિમિત્તે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે ગઈકાલે સાહિત્ય ઉપરના ગ્રંથોનું પ્રદર્શન યોજાયું હતુ જેમાં ગુજરાતી, હિન્દી,અંગ્રેજી સાહિત્યના વૈવિધ્યસભર ગ્રંથોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં સાહિત્યના વિવિધ પ્રકારના પુસ્તકો રાખવામાં આવેલ હતા. જેમાં ગુજરાતનો નાથ, પાટણની પ્રભુતા, અમૃતા, મળેલા જીવ, અ પેક ઓફ લાઈસ કાય થ પિકોક, ફર્સ્ટ લવ, કિંગ રિચાર્ડ-૨, ધ કોમેડી ઓફ એરર્સ, સોરાષ્ટ્રની રસધાર, અગન પિપાસા અને ચંદ્રગુપ્ત મૌર્ય: ધૂમકેતુ જેવા પુસ્તકો પ્રદર્શનમાં મૂકવામાં આવ્યા હતા. આ અંગે વાત કરતા ગુજરાત યુનિવર્સિટીના લાઈબ્રેરિયન ડો. યોગેશ પારેખે કહ્યું કે, ૭૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે કુલ ૭૫ દિવસ સળંગ આ ગ્રંથપ્રદર્શન યોજાવાનું છે દરેક સપ્તાહમાં વૈવિધ્યસભર સમાજજીવન અને શિક્ષણને લગતા સીધા જ સમાજ અને શિક્ષણ સાથે સ્પર્શતા વિષયોને ધ્યાનમાં રાખી ગ્રંથ પ્રદર્શન યોજવામાં આવશે સળંગ ૭૫ દિવસ ચાલનાર આ ગ્રંથ પ્રદર્શનને વિશ્વ રેકોર્ડ તરીકે નોંધવા માટે કાર્યવાહી કરવામાં આવશે.

દિવ્ય ભાસ્કર અમદાવાદ 04-12-2023

## ગુજરાત યુનિવર્સિટીમાં દિવ્યાંગજનોના જીવન-કવનને આવરતાં 50 પુસ્તકોનું પ્રદર્શન યોજાયું

**અમદાવાદ ।** ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે વિશ્વ દિવ્યાંગ દિવસની ઉજવણી નિમિત્તે દિવ્યાંગજનોના જીવન અને કવનને આવરી લેતા ગ્રંથોનું પ્રદર્શન યોજાયું હતું, જેમાં 50 પુસ્તકો મૂકવામાં આવ્યાં હતાં. આ ગ્રંથાલયમાં દિવ્યાંગજનો પર 20 હજાર કરતાં પણ વધુ ઈ રિસોર્સ ઉપલબ્ધ છે.

# Media Clippings

**સંદેશ**
કારતક વદ આઠમ
05/12/2023

## GU લાઇબ્રેરી ખાતે દિવ્યાંગજનો ઉપર ૨૦ હજાર ઇ-રિસોર્સિસ ઉપલબ્ધ છે

ગુજરાત યુનિ. ગ્રંથાલય ખાતે 'વિશ્વ દિવ્યાંગ દિવસની ઉજવણી' અંતર્ગત દિવ્યાંગજનોના જીવન અને કવનને આવરી લેતા ગ્રંથોનું પ્રદર્શન યોજાયું

**સિટી લાઇફ |** ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે 'વિશ્વ દિવ્યાંગ દિવસની ઉજવણી' અંતર્ગત દિવ્યાંગજનોના જીવન અને કવનને આવરી લેતા ગ્રંથોનું એક પ્રદર્શન આયોજિત કરાયું .વિશ્વ દિવ્યાંગ દિવસની ઉજવણી નિમિત્તે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે દિવ્યાંગજનોના જીવન અને કવનને આવરી લેતા ગ્રંથોનું એક પ્રદર્શન આયોજિત કરવામાં આવેલ હતું. આ ગ્રંથ પ્રદર્શનમાં હેન્ડિકેપ અને ચાઈલ્ડ વોકેશનલી કાઉન્સિલનિંગ ફોર ફિઝિકલ હેન્ડિકેપ, હેન્ડિકેપ અને ધેર રિહેબિલિટેશન એમ ૫૦ જેટલા પુસ્તકો ગ્રંથ પ્રદર્શનમાં રાખવામાં આવેલ હતા. ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે દિવ્યાંગજનો ઉપર ૨૦,૦૦૦ કરતા પણ વધુ ઈ-રિસોર્સિસ ઉપલબ્ધ છે.



### પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ માટે આધુનિક સ્કેનર્સ સાથે ઓડિયો કેસેટ પણ છે

વિશ્વ દિવ્યાંગ દિવસની ઉજવણીના અનુસંધાનમાં રાખવામાં આવેલ પ્રદર્શન અંગે વાત કરતા ગુજરાત યુનિવર્સિટી લાઇબ્રેરીના લાઇબ્રેરિયન ડૉ. યોગેશ પારેખે કહ્યું કે, ઈશ્વરે દિવ્યાંગોને એક વિશિષ્ટ સિદ્ધિ અને શક્તિ આપેલ છે. આપણે દિવ્યાંગજનો પ્રત્યે પૂર્ણ સંવેદના સાથે તેમને પણ સમાજનાં મુખ્યપ્રવાહમાં લાવવા તે આપણી સામૂહિક જવાબદારી છે. ગુજરાત યુનિવર્સિટી ખાતે દિવ્યાંગ વિદ્યાર્થીઓ સમાજના અન્ય વિદ્યાર્થીઓ સાથે જ અભ્યાસ કરી શકે તે પણ સામાન્ય વિદ્યાર્થીઓની જેમ તમામ ગતિવિધિઓ જોડાઈ વ્યક્તિગત પ્રગતિ સાથે અન્યો માટે પણ પ્રેરણારૂપ બની શકે તે માટેની વ્યવસ્થા ગ્રંથાલયના ગ્રાઉન્ડ ફ્લોર પર કરવામાં આવેલ છે ગ્રંથાલય ખાતે દિવ્યાંગ વિદ્યાર્થીઓની માટેની સેવાઓ સાથે સવિશેષ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ માટે આધુનિક સ્કેનર્સ સાથે ઓડિયો કેસેટ પણ ઉપલબ્ધ છે. ગ્રંથાલય ખાતે વાંચન અર્થે આવતા દિવ્યાંગજનોએ ગ્રંથાલય આ સેવાઓ માણી છે અને અહીંથી વાંચીને સ્વયં આત્મનિર્ભર બન્યા છે.

---

દિવ્ય ભાસ્કર | અમદાવાદ-સિટીભાસ્કર 05-12-2023

## GUમાં ભારતીય નેવીના યોગદાનને રજૂ કરતાં પુસ્તકોનું પ્રદર્શન યોજાયું

**અમદાવાદ :** GUના ગ્રંથાલય ખાતે ભારતીય નેવી દિવસની ઉજવણી કરાઈ હતી. ગ્રંથાલય ખાતે ચાલી રહેલા પુસ્તક પ્રદર્શન અંતર્ગત નેવી ફિલ્ડને લગતા પુસ્તકોનું પ્રદર્શન યોજાયું હતું. આ પુસ્તક પ્રદર્શન અંગે વાત કરતા કા. ગ્રંથપાલ ડૉ. યોગેશ પારેખે જણાવ્યું કે, ભારત- પાકિસ્તાન વચ્ચે 1971ના યુદ્ધ દરમિયાન ભારતીય નેવી અસ્તિત્વમાં આવ્યું હતું. બાંગ્લાદેશને અલગ કરવા અને તેને સ્વતંત્ર રાષ્ટ્રનો દરજ્જો આપવા માટેની લડાઈ 13 દિવસ સુધી ચાલી હતી. આ પ્રકારના કિસ્સાઓ અને ભારતીય નેવીના ઈતિહાસ વિશે વિગતે માહિતી આપતા પુસ્તકોને પ્રદર્શનમાં મુકવામાં આવ્યા હતા.

---

Gujarat Samachar: ...
paper.gujaratsamachar.com

2 **Ahmedabad Cit**
**Wednesday**. 06 December, 2023

## ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયમાં ભારતીય નેવી દિવસે આર્મી અને નેવીના પુસ્તકોનું પ્રદર્શન



દર વર્ષે ૪ ડિસેમ્બરે ભારતીય નેવી દિવસ તરીકે ઉજવવામાં આવે છે ત્યારે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે પારસ પર્વની ઉજવણી નિમિત્તે ગ્રંથ પ્રદર્શનના ભાગરૂપે ભારતીય નેવી સેના- આર્મીમાં યોગદાન સંબંધિત વિવિધ ગ્રંથોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ ગ્રંથ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

# Media Clippings

ગુજરાત યુનીવર્સીટીનાં ૭૫ માં પારસ પર્વનાં ઉજવણીના ભાગરૂપે

## ૭૫ દિવસનાં ગ્રંથ પ્રદર્શનમાં ગુજરાતનાં હેરિટેજ સાંસ્કૃતિક અને અસ્મિતાને ઉજાગર કરતા ગ્રંથોનું પ્રદર્શન આયોજિત કરાયું

ગુજરાત યુનીવર્સીટીનાં ૭૫ માં પારસ પર્વનાં મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ૭૫ દિવસ ચાલનારા ગ્રંથ પ્રદર્શન પૈકી આજ રોજ ગુજરાત રાજ્યનાં હેરિટેજ ,સાંસ્કૃતિક ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરતા ગ્રંથો સંશોધનો અને સાહિત્યનું પ્રદર્શન આયોજિત કરવામાં આવેલ હતું . આ ગ્રંથ પ્રદર્શનાંમાં ગુજરાત રાજ્યનાં વિવિધ શહેરો અને ગામોનાં



હેરિટેજ, સાંસ્કૃતિક , સ્થાપત્ય , સમાજજીવન અને ઈતિહાસ સહીતનાં આમોલ્ય વારસાને આવરી લેતા ગ્રંથો પ્રદર્શનમાં રાખવામાં આવેલ હતા ગુજરાત યુનીવર્સીટી ગ્રંથાલય ખાતે વાંચન અર્થે આવતા યુવા વિધાર્થીઓએ આ ગ્રંથ પ્રદર્શન નિહાળેલ હતું કા. ગ્રંથપાલનાં જણાવ્યાનુસાર આગામી સમયમાં ગુજરાતની સાથે સાથે ભારતનાં વિવિધ રાજ્યોના પણ હેરિટેજ સાંસ્કૃતિક વારસાને લગતા ગ્રંથો આ પારસ પર્વનાં ૭૫ ગ્રંથ પ્રદર્શનનાં ભાગરૂપે આયોજિત કરવામાં આવશે

06/12/2023

દિવ્ય ભાસ્કર **અમદાવાદ-સિટીભાસ્કર** 07-12-2023

## યુવાનોને વોટર હેલ્પલાઇન વિશે માહિતી અપાઇ

**અમદાવાદ :** ગુજરાત યુનિવર્સિટી ખાતે યુવા મતદારોને જાગૃત કરવાને હેતુ સાથે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો. જેમાં ચૂંટણી શાખા દ્વારા નિર્મિત વોટર હેલ્પલાઈન એપ્લિકેશન વિશે માહિતી આપવામાં આવી હતી. જે એપ્લિકેશન થકી મતદાર યાદીમાં નામ નોંધણી સાથે નામ, ફોટો, સરનામામાં ફેરફાર અંગેની અરજી પણ કરી શકાય છે. જે અંગેની વિસ્તૃત માહતી ગુજરાત યુનિવર્સિટી માટે યુથ નોડલ ઓફિસર તરીકે ફરજ બજાવતા ડૉ. યોગેશ પારેખ દ્વારા આપવામાં આવી હતી. જેમણે વિદ્યાર્થીઓને ચૂંટણી દરમિયાન પોતાના અમૂલ્ય વોટની કિંમત સમજાવીને વોટ કરીને દેશ



વિકાસમાં સહભાગી થવા અપીલ કરી હતી. તે ઉપરાંત શહેરના જાણીતા RJ ચાર્મીએ ક્વિઝ અને ગેમ્સ રમાડીને યુવાનોને મતદાન પ્રત્યે ઉત્સાહ વધે તેવા પ્રયાસો કર્યા હતા.

# Media Clippings

**સંદેશ**

કારતક વદ દશમ

## મતદાન જાગૃતિનો મેસેજ આપવા યંગસ્ટર્સે ગેમ્સ-ક્વિઝ અને લાઈવ પરફોર્મન્સ આપ્યું

### ગુજરાત યુનિવર્સિટી ખાતે યુવા મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો



**સિટિ લાઇફ ।** દેશના યુવાનોમાં લોકશાહીના મહાપર્વ સમાન ચૂંટણી માટે જાગૃતિ વધે તેમજ યુવાનો મોટી સંખ્યામાં મતદાર યાદીમાં પોતાના નામ નોંધાવે તે માટે કેન્દ્રીય અને રાજ્ય ચૂંટણીપંચ કાર્યરત છે. હાલમાં મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ ચાલી રહ્યો છે, જેના ભાગરૂપે ગુજરાત યુનિવર્સિટી ખાતે યુવા મતદાર જાગૃતિ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. અમદાવાદ જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારીના માર્ગદર્શનમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આજનો જવાબદાર યુવાન આવતીકાલનો જવાબદાર નાગરિક છે, આ મેસેજને ગુંજતો કરવા માટે યુવાનો સાથે ક્વિઝ, ગેમ્સ સહિત લાઈવ સ્ટેજ પરફોર્મન્સ આપ્યું હતું. યુવાનોનો મતદાન પ્રત્યેનો ઉત્સાહ વધે તે હેતુથી કોલેજના યુવાનો સાથે તેમની જ શૈલીમાં મતદાનએ તેમનો અધિકાર તેમજ ફરજ હોવાની વાત સમજાવવામાં આવી હતી.

**વિદ્યાર્થીઓને જવાબદાર મતદાર બનવા સંકલ્પબદ્ધ કરાયા**

હાલમાં ભારતમાં ચૂંટણી પંચ, નવી દિલ્હી દ્વારા અપાયેલ કાર્યક્રમ મુજબ મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અમદાવાદ જિલ્લામાં ચાલી રહ્યો છે. યુવા મતદારોમાં ચૂંટણી પ્રક્રિયા અંગેની જાગૃતિ વધે અને ચૂંટણી પ્રક્રિયામાં પોતાની સક્રિય ભાગીદારી નોંધાવે તે માટે શહેરની વિવિધ કોલેજમાં આ પ્રકારના અનોખા કાર્યક્રમનું આયોજન કરાયું છે. જેથી કરીને યુવાનો ચૂંટણી પ્રક્રિયા માટેની સંપૂર્ણ જાણકારી મેળવી શકે છે. આ ઉપરાંત કાર્યક્રમના અંતે શૈક્ષણિક સંસ્થાના વિદ્યાર્થીઓ જવાબદાર મતદાર બનવા માટે સંકલ્પબદ્ધ કરાયા હતા.

**વિદ્યાર્થીઓને વોટર હેલ્પલાઇન એપ અંગે જાણકારી અપાઇ**



કાર્યક્રમમાં ચૂંટણી શાખા દ્વારા નિર્મિત 'વોટર હેલ્પલાઇન' એપ વિશે જાણકારી આપી હતી. આ એપ ડાઉનલોડ કરી એપમાં જઈને મતદાર યાદીમાં નામ નોંધણી કરી શકાય છે તથા નામ, ફોટો, સરનામામાં ફેરફાર માટેની અરજી પણ કરી શકાય છે. આમ, આ એપ વિશેની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. આ સાથે ગુજરાત યુનિવર્સિટી વતી યુથ નોડલ ઓફિસર તરીકે ફરજ બજાવતા ડો. યોગેશ આર. પારેખ દ્વારા પ્રથમ વખતના યુવા મતદારોને લોકશાહીમાં મતદાર અને મતદાનનાં અમૂલ્ય મહત્વ વિશે સમજ આપવાની સાથે વધુમાં વધુ યુવાઓ મતદાતા તરીકે રજિસ્ટ્રેશન કરી અને અન્યોને પણ કરાવી યોગદાન આપવા માટે અપીલ કરી હતી.

## અમદાવાદના યુવાનોને જવાબદાર મતદાર બનવાની પ્રેરણા આપતો કાર્યક્રમ



દેશના યુવાનોમાં લોકશાહીના મહાપર્વ સમાન ચૂંટણી માટે જાગૃતિ વધે તેમજ યુવાનો મોટી સંખ્યામાં મતદાર યાદીમાં પોતાના નામ નોંધાવે તે માટે કેન્દ્રીય અને રાજ્ય ચૂંટણીપંચ પ્રયાસરત છે. હાલમાં મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ ચાલી રહ્યો છે, જેના ભાગરૂપે અમદાવાદ સ્થિત ગુજરાત યુનિવર્સિટી ખાતે યુવા મતદાર જાગૃતિ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. અમદાવાદ જિલ્લા કલેકટરશ્રી અને ચૂંટણી અધિકારીશ્રીના માર્ગદર્શનમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આજનો જવાબદાર યુવાન આવતીકાલનો જવાબદાર નાગરિક છે. આ સંદેશ ગૂંજતો કરવા માટે શહેરના જાણીતાં ઈત્ત ચાર્મી દ્વારા યુવાનો સાથે ક્વિઝ, ગેમ્સ સહિત લાઈવ સ્ટેજ પરફોર્મન્સ આપ્યું હતું. યુવાનોનો મતદાન પ્રત્યેનો ઉત્સાહ વધે તે હેતુથી ઈત્ત ચાર્મીએ કોલેજના યુવાનો સાથે તેમની જ શૈલીમાં મતદાન એ તેમનો અધિકાર તેમજ ફરજ હોવાની વાત સમજાવી હતી.

આ ઉપરાંત ચૂંટણી શાખા દ્વારા નિર્મિત 'વોટર હેલ્પલાઈન' એપ વિશે જાણકારી આપી હતી. આ એપ ડાઉનલોડ કરી એપમાં જઈને મતદાર યાદીમાં નામ નોંધણી કરી શકાય છે તથા નામ, ફોટો, સરનામામાં ફેરફાર માટેની અરજી પણ કરી શકાય છે.

07/12/2023

## અમદાવાદના યુવાનોને જવાબદાર મતદાર બનવાની પ્રેરણા આપતો કાર્યક્રમ યોજાયો

ગુજરાત મેઇલ • અમદાવાદ



દેશના યુવાનોમાં લોકશાહીના મહાપર્વ સમાન ચૂંટણી માટે જાગૃતિ વધે તેમજ યુવાનો મોટી સંખ્યામાં મતદાર યાદીમાં પોતાના નામ નોંધાવે તે માટે કેન્દ્રીય અને રાજ્ય ચૂંટણીપંચ પ્રયાસરત છે. હાલમાં મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ ચાલી રહ્યો છે, જેના ભાગરૂપે અમદાવાદ સ્થિત ગુજરાત યુનિવર્સિટી ખાતે યુવા મતદાર જાગૃતિ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. અમદાવાદ જિલ્લા કલેક્ટરશ્રી અને ચૂંટણી અધિકારીશ્રીના માર્ગદર્શનમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આજનો જવાબદાર યુવાન આવતીકાલનો જવાબદાર નાગરિક છે. આ સંદેશ ગૂંજતો કરવા માટે શહેરના જાણીતાં RJ ચાર્મી દ્વારા યુવાનો સાથે ક્વિઝ, ગેમ્સ સહિત લાઈવ સ્ટેજ પરફોર્મન્સ આપ્યું હતું. યુવાનોનો મતદાન પ્રત્યેનો ઉત્સાહ વધે તે હેતુથી RJ ચાર્મીએ કોલેજના યુવાનો સાથે તેમની જ શૈલીમાં મતદાન એ તેમનો અધિકાર તેમજ ફરજ હોવાની વાત સમજાવી હતી.

આ ઉપરાંત ચૂંટણી શાખા દ્વારા નિર્મિત 'વોટર હેલ્પલાઈન' એપ વિશે જાણકારી આપી હતી. આ એપ ડાઉનલોડ કરી એપમાં જઈને મતદાર યાદીમાં નામ નોંધણી કરી શકાય છે તથા નામ, ફોટો, સરનામામાં ફેરફાર માટેની અરજી પણ કરી શકાય છે. આમ, આ એપ વિશેની વિશેની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે મતદાર યાદીમાં પોતાનું નામ ચકાસવા માટે electoralsearch.eci.gov.in પર જઈને જોઈ શકાય છે. નવા મતદાતા બનવા માટે આપ ઘરબેઠા જ voters.eci.gov.in વેબસાઈટ પર જઈને લોગ ઓન કરી પોતાનું નામ મતદાર તરીકે નોંધાવી શકો છો.

# Media Clippings

"ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે યુજીસી ઈન્ફ્લીબનેટનાં સહયોગમાં

## વેસ્ટર્ન રીજિયોનલ ગુજરાત અને રાજસ્થાન રાજ્યની યુનિવર્સિટીઓના શોધશુધ્ધી કોર્ડીનેટર માટે "રીજિયોનલ ટ્રેનિંગ પ્રોગ્રામ ફોર શોધશુધ્ધિ/પીડીએસ યોજાયો"



ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે યુજીસી ઈન્ફ્લીબનેટનાં સહયોગમાં વેસ્ટર્ન રીજિયોનલ ગુજરાત અને રાજસ્થાન રાજ્યની યુનિવર્સિટીઓના શોધશુધ્ધી કોર્ડીનેટર માટે "રીજિયોનલ ટ્રેનિંગ પ્રોગ્રામ ફોર શોધશુધ્ધિ/પીડીએસ આયોજિત કરવામાં આવેલ હતો આ અંગે યુજીસી ઈન્ફ્લીબનેટનાં સાયન્ટિસ ડો. સુરભી દ્વારા શોધશુધ્ધી /પીડીએસ વિશે પ્રારંભિક માહિતી રજૂ કરેલ હતી જેમાં યુજીસી ઈન્ફ્લીબનેટનાં શોધગંગા અને પીએચડી મહાનિબંધમાં પ્લેગિયારિઝમ સાથે પુનરાવર્તન અટકાવવા સાથે પીએચડી શોધનિબંધમાં ગુણવત્તા કેવી રીતે લાવી શકાય આ અંગે વિગતે માહિતી સાથે ઈન્ફ્લીબનેટ દ્વારા અમલમાં મુકેલ વિવિધ આયામો વિશે ચર્ચા કરેલ હતી

Divay Gujarat 15/12/2023

---

દિવ્ય ભાસ્કર અમદાવાદ-સિટીભાસ્કર 17-12-2023

## આર્મી વિંગનું યોગદાન રજૂ કરતું પુસ્તક પ્રદર્શન યોજાયું

**અમદાવાદ :** ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલય ખાતે વિજય દિવસ નિમિત્તે વિવિધ આર્મી વિંગના યોગદાનને રજૂ કરતા પુસ્તકોનું પ્રદર્શન યોજાયું હતું. વિજય દિવસની ઉજવણી વર્ષ



1971માં ભારત-પાકિસ્તાન યુદ્ધમાં પાકિસ્તાન પર ભારતીય સૈન્યની જીત મેળવવા બદલ તેમજ બાંગ્લાદેશને પાકિસ્તાનથી મુક્ત કરવામાં ભારતીય સેનાના મહત્ત્વપૂર્ણ કાર્યની યાદમાં ઉજવાય છે. ત્યારે વિદ્યાર્થીઓમાં પુસ્તકો થકી આર્મી અને રાષ્ટ્ર પ્રેમમાં વધારો થાય તેવા આશય સાથે ગ્રંથાલયમાં ઈન્ડિયન આર્મીને લગતા વિવિધ પુસ્તકો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. જે પ્રેરણાદાયી પુસ્તકોને વિદ્યાર્થીઓએ વાંચીને આઝાદીની સાથે સ્વંત્રતાની બાબતો અને ભારતીય સેનાના વિશેષ યોગદાન વિશે વિગતવાર માહિતી મેળવી હતી.

---

સંદેશ

માગશર સુદ પાંચમ

## જીયુ લાઇબ્રેરીમાં વિજય દિવસ નિમિત્તે ગ્રંથપ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું

**સિટી લાઇફ ।** ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે વિજય દિવસની ઉજવણી નિમિત્તે સંબંધિત ગ્રંથો સાથે આર્મીની વિવિધ વીંગને તેમજ આર્મીના યોગદાનને આવરી લેતા વૈવિધ્યસભર ગ્રંથોનું પ્રદર્શન આયોજીત કરવામાં આવેલ હતું. પ્રદર્શન ઉપરાંત ગુજરાત યુનિવર્સિટીના લાઈબ્રેરિયન ડો. યોગેશ પારેખે વિદ્યાર્થીઓને આ દિવસનું મહત્વ સમજાવતા કહ્યું કે, વિજય દિવસની ઉજવણી ૧૯૭૧ ના ભારત પાકિસ્તાન યુદ્ધમાં પાકિસ્તાન પર ઉપર ભારતીય સૈન્યની જીતના સંદર્ભે તેમજ બાંગ્લાદેશને પાકિસ્તાનથી મુકિત અપાવવા માટે સંદર્ભે ઊજવવામાં આવે છે. આઝાદીની સાથે સ્વાતંત્રતાની બાબતો અને ભારતીય સેના વિશે આજની યુવા પેઢી જાગૃત થાય એવા ગ્રંથોનું પ્રદર્શન આયોજિત કરવામાં આવેલું હતું.આ પ્રકારના ગ્રંથ પ્રદર્શનનો મુખ્ય આશય યુવા વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રની લશ્કરી વિવિધ વિંગ કેવી રીતે કાર્ય કરે છે તથા રાષ્ટ્ર માટેની અને તેમજ આર્મી અને રાષ્ટ્રપ્રેમ પ્રત્યેના ગુણો વિકસે હેતુસહ હતો. આજે આપણે અહીં સુરક્ષિત છીએ જેનું મુખ્ય કારણ રાષ્ટ્રની વિવિધ સરહદો પર ગરમી ઠંડી અને વરસાદી વાતાવરણ વચ્ચે પણ સતત ખડેપગે દેશની સુરક્ષા ખાતે તેનાત અને કાર્યરત આપણા વિવિધ આર્મીના જવાનો છે.

17/12/2023

# Media Clippings

**ગુજરાત સમાચાર**

૨૩/૧૨/૨૦૨૩

## ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયમાં ગણિતના પુસ્તકોનું પ્રદર્શન



ભારતના ગણિતશાસ્ત્રી શ્રીનિવાસન રામાનુજની સ્મૃતિમાં નેશનલ મેથેમેટિક્સ દિવસની ઉજવણીના ભાગરૂપે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયમાં ગણિતના પુસ્તકોનું પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગણિતના વિવિધ પુસ્તકો પ્રદર્શનમાં મૂકવામાં આવ્યા હતા.

**સંદેશ** 28/12/2023

માગશર વદ બીજ (બીજ વૃદ્ધિ તિથિ)

## અટલ બિહારી વાજપેયીના જીવન-કવન પર ગ્રંથ પ્રદર્શન યોજાયું

### ગુજરાત યુનિ. ગ્રંથાલય ખાતે ગૂડ ગવર્નન્સ દિવસની ઉજવણી કરાઈ



**સિટી લાઇફ ।** ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે ભારતના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી જન્મજયંતી નિમિત્તે ઉજવાતા ગૂડ ગવર્નન્સ દિવસ નિમિત્તે ભારત રાષ્ટ્રના અને ગુજરાત રાજ્યના વ્યવસ્થાપન, આંતર માળખાકીય, ટેકનોલોજીકલ, વહિવટીય સામાજિક યોજનાઓ એમ સર્વાંગીણ વિકાસની આવરી લેતી વિવિધ યોજનાઓ, ગૂડ ગવર્નન્સ પોલિસીઓ સાથે અમલીકરણ કરેલ વૈવિધ્યસભર ગૂડ ગવર્નન્સના વિષયોને આવરી લઈને વૈવિધ્યસભર ગ્રંથો સાથે અટલ બિહારી વાજપેયીજીના જીવન-કવન પર આધારિત ગ્રંથોનું પ્રદર્શન યુવા વિદ્યાર્થીઓના હસ્તે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

# Media Clippings

અમદાવાદ-સિટીભાસ્કર 26-12-2023

## GU લાઈબ્રેરીમાં ગુડ ગવર્નન્સ ડે ઉજવાયો

**અમદાવાદ :** ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની જન્મજયંતિ નિમિત્તે ગુડ ગવર્નન્સ ડે ઉજવાયો. જે અંતર્ગત ભારત અને ગુજરાતના વ્યવસ્થાપન આંતર માળખાકિય, ટેક્નોલોજીકલ, વહીવટીય, સામાજિક યોજનાઓ અને સર્વાંગી વિકાસને આવરી લેતી યોજનાઓને રજૂ કરતી પુસ્તકોને પ્રદર્શિત કરવામાં આવી હતી. તે ઉપરાંત અટલ બિહારી વાજપેયીના જીવન પર આધારિત પુસ્તકોને પણ યુવાઓને વાંચન અર્થે મુકવામાં આવી હતી. ક્રિસમસની રજાએ પણ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં આ પુસ્તક પ્રદર્શનમાં ઉપસ્થિત રહ્યાં હતા.

City NEWS

## ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયમાં ગણિતના પુસ્તકોનું પ્રદર્શન



ભારતના ગણિતશાસ્ત્રી શ્રીનિવાસન રામાનુજની સ્મૃતિમાં નેશનલ મેથેમેટિક્સ દિવસની ઉજવણીના ભાગરૂપે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયમાં ગણિતના પુસ્તકોનું પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગણિતના વિવિધ પુસ્તકો પ્રદર્શનમાં મૂકવામાં આવ્યા હતા.

Divay Gujarat

## ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે ગીતા જયંતિની ઉજવણી કરવામાં આવી

"ગીતા જયંતિ નિમિત્તે ગુજરાત યુનીવર્સીટી ગ્રથાલય દ્વારા ભગવદ્ ગીતા ઉપર જેમાં ગુજરાતી હિન્દી અંગ્રેજી ઉર્દો પર્શિયન સંસ્કૃત એમ વિવધ ભાષા ઉપર લખાયેલ ભગવદ્ ગીતાના ગ્રથોનું પ્રદર્શન ખાતે આયોજિત કરવામાં આવેલ હતું . કા. યુનિવર્સિટી ગ્રંથપાલ ડો.યોગેશ પારેખ એ જણાવ્યું હતુ કે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ આ ગ્રંથ પ્રદર્શનનો લાભ લીધેલ હતો



અરબીભાષામાં લખાયેલ ભગવતગીતા આકર્ષણનું કેન્દ્ર બન્યુ હતુ. 24/12/2023

અમદાવાદ-સિટીભાસ્કર 24-12-2023

CITY AC

## ભગવદ્ ગીતાના વિવિધ ભાષાના ગ્રંથોનું પ્રદર્શન



**અમદાવાદ :** ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે ગીતા જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. જે નિમિત્તે ગ્રંથાલયમાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, ઉર્દૂ, પર્શિયન, સંસ્કૃત જેવી ભાષામાં લખાયેલ ભગવદ ગીતાના ગ્રંથોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જે પ્રદર્શનને ગ્રંથાલય તેમજ ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ માણ્યું હતું. પ્રદર્શનમાં મુકવામાં આવેલ ગ્રંથોને વિદ્યાર્થીઓએ વાંચ્યા હતા અને ભગવદ ગીતાના સાર અંગે એકબીજા સાથે ચર્ચા પણ કરી હતી. આ પ્રદર્શન અંગે વાત કરતા કા. ગ્રંથપાલ ડો. યોગેશ પારેખે જણાવ્યું કે, હાલના સમયમાં ભગવદ ગીતાના અધ્યાયોમાંથી લોકોએ પોતાના જીવનમાં ઉતારવા જેવી બાબતો જોવા મળી રહી છે. ત્યારે યુવાનો સુધી ભગવદ ગીતાની બાબતો પહોંચાડવાના આશય સાથે આ ગ્રંથ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અરબી ભાષામાં લખાયેલી ભગવદ ગીતા યુવાનોમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી.

## Co-ordinated By:


**Dr. Yogesh Parekh**

I/C Librarian

Gujarat University Library


## Compiled By:


**Yash Bhandari**

**Akshar Zala**


GUJARAT
UNIVERSITY